# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૫/૦૭/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વર્ષ ૨૦૨૧–૨૨ ના પ્રમુખ આશીષ ગુજરાતીની કાર્યસફર....

ભારતની જ નહીં પણ વિશ્વના મોટા ભાગના દેશોની અર્થ વ્યવસ્થાને માઠી અસર પહોંચાડી કોરોનો શાંત પડયો. સમય શરૂ થયો ભારતની અર્થ વ્યવસ્થાને ફરીથી ઉંચાઇએ લઇ જવા માટે ઝઝૂમવાનો. એવામાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ – ધંધાને ફરીથી વૈશ્વિક કક્ષાએ ઝડપભેર સ્પર્ધાત્મક બનાવવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ તરીકે આશીષ ગુજરાતીની સફર શરૂ થઈ. તેમણે શરૂઆતથી જ મન બનાવી લીધું હતું કે હવે ઉદ્યોગ – ધંધાઓને સુરત શહેર, દક્ષિણ ગુજરાત કે પછી રાજ્ય – રાષ્ટ્ર પૂરતા સીમિત નહીં રાખી તેઓને વૈશ્વિક કક્ષાએ પહોંચાડવા છે.

આશીષ ગુજરાતીએ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીને પડી રહેલી મુશ્કેલીને દૂર કરવા માટે અસરકારક રજૂઆતોનો દોર વધુ ગતિથી લંબાવ્યો હતો. ચેમ્બર દ્વારા ઉદ્યોગ – ધંધાની મુશ્કેલીઓનું સ્થાનિક અને રાજ્ય કક્ષાએ રજૂઆતો કરીને નિરાકરણ લાવવામાં આવ્યું હતું, પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ઘણી રજૂઆતો કરવામાં આવી હતી અને તેમાં સફળતા હાંસલ થઇ હતી. આ મુખ્યત્વે રજૂઆતોનો સારાંશ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

**ચેમ્બર દ્વારા વિવિધ સ્તરે કરવામાં આવેલી અતિ મહત્વની અને અસરકારક રજૂઆતો**

- વિશ્વમાં સુરત જિલ્લો વિસ્કોસ રેયોન ફેબ્રિક બનાવવા માટે પ્રથમ ક્રમે આવે છે ત્યારે ડીજીટીઆર દ્વારા તેના ફાયનલ ફાઇન્ડીંગ રિપોર્ટમાં આ ફેબ્રિક બનાવવા માટે વપરાતા કી રો મટિરિયલના ઇમ્પોર્ટ ઉપર એન્ટી ડમ્પીંગ ડયૂટી લગાવવા માટે ભલામણ કરવામાં આવી હતી. ઇતિહાસમાં પ્રથમ વખત ચેમ્બર

ડીજીટીઆરમાં ઇન્ટરેસ્ટેટ પાર્ટી બની હતી. ચેમ્બરની સાથે ફિઆસ્વી તથા વિસ્કોસના વિવિધ સંગઠનો પણ જોડાયા હતા અને ચેમ્બરની આગેવાનીમાં આ બાબતનો વિરોધ નોંધાવ્યો હતો. ચેમ્બરે કેન્દ્રીય ટેકસટાઇલ રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશને આ મામલે રજૂઆત કરી હતી. મંત્રી દર્શનાબેને નાણાં મંત્રી સાથે વાતચીત કરી અથાગ પ્રયાસ કર્યા હતા. જેને પગલે નાણાં મંત્રાલયે ડીજીટીઆરની ભલામણને પડતી મુકી વિસ્કોસ ફિલામેન્ટ યાર્નના ઇમ્પોર્ટ ઉપર એન્ટી ડમ્પીંગ ડયૂટી લગાવી ન હતી. જેને કારણે સુરતના ઉદ્યોગકારોના ઘણા નાણાં વેડફાતા બચી ગયા હતા.

- સમગ્ર ગુજરાતમાં એકમાત્ર સુરતના ઉદ્યોગ સાહસિકોને જ જીએસટી વિભાગ દ્વારા રહેણાંક સરનામા ઉપર જીએસટી નંબર ફાળવવામાં આવતો ન હતો. આ અંગે ચેમ્બર દ્વારા રજૂઆતો કરી હતી અને અમદાવાદ ખાતે જીએસટી કમિશનર સાથે રૂબરૂ મિટીંગ કરીને આ સમસ્યાનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

- ટેકસટાઇલમાં પોલીએસ્ટરના બધા જ પ્રકારના યાર્ન ઉપર બીઆઇએસ સ્ટાન્ડર્ડ સર્ટિફિકેટ ફરજિયાતપણે લેવાની પ્રક્રિયા લાગુ કરવામાં આવી હતી. મિનિસ્ટ્રી ઓફ કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઇઝર દ્વારા ઓકટોબર– ૨૦૨૧ થી આ પ્રક્રિયાનું અમલીકરણ શરૂ કરવામાં આવ્યું હતું. જેને કારણે ઇમ્પોર્ટેડ યાર્ન આવવાનું બંધ થઇ ગયું હોત. આ મામલે ચેમ્બર દ્વારા મંત્રી મનસુખ માંડવીયાને રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી અને તેઓને સમગ્ર બાબત સમજાવવામાં આવી હતી. રજૂઆતને અંતે બીઆઇએસ સ્ટાન્ડર્ડ લાગુ કરવાની સમય મર્યાદા ઓકટોબર– ૨૦૨૧ થી વધારીને ઓકટોબર– ૨૦૨૨ કરવામાં આવી હતી.

- ભારત સરકાર દ્વારા ટેકસટાઇલ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ટેકસટાઇલ પીએલઆઇ સ્કીમ લાગુ કરવામાં આવી હતી, પરંતુ ટેકનીકલ ટેકસટાઇલના ઉત્પાદનમાં વપરાતા સ્પેશ્યાલિટી યાર્નનો આ સ્કીમમાં ઉમેરો કરવામાં આવ્યો ન હતો. આથી ચેમ્બર દ્વારા આ મામલે કેન્દ્રીય ટેકસટાઇલ મંત્રી પીયુષ ગોયલને રજૂઆત કરવામાં આવી હતી અને પીએલઆઇ સ્કીમમાં તેનો ઉમેરો કરાવવામાં આવ્યો હતો.

- ભારત સરકાર દ્વારા દેશભરમાં સાત જેટલા પીએમ – મિત્રા પાર્ક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમાંથી એક પીએમ – મિત્રા પાર્ક સુરત શહેર તથા દક્ષિણ ગુજરાતને ફાળવવામાં આવે તે દિશામાં ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો. પીએમ – મિત્રા પાર્ક માટે ચેમ્બર દ્વારા નવસારી નજીકની વાંસી–બોરસી ગામની જગ્યા આઇડેન્ટીફાય કરવામાં આવી હતી અને તે મામલે ગુજરાત સરકારને સૂચન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારે પણ ચેમ્બર દ્વારા કરાયેલા સૂચનને મંજૂરીની મહોર લગાવી હતી અને અંતે કેન્દ્ર સરકારને પ્રપોઝલ પણ મોકલી આપી છે. આથી નવસારી નજીકના વાંસી–બોરસી ગામ ખાતે પીએમ – મિત્રા પાર્ક મળવાની પાકી સંભાવના છે.

- ગુજરાત સરકારની ટેકસટાઇલ પોલિસી– ૨૦૧૯ મુજબ અમુક પ્રકારની પ્રવૃત્તિ કરતા ટેકસટાઇલ એકમો જેવા કે વિવિંગ, નીટિંગ, પ્રિપરેટરી, ટેકસ્ચ્યુરાઇઝીંગ, એમ્બ્રોઇડરી વિગેરે ગુજરાત સરકારની અન્ય કોઇપણ પોલિસીનો લાભ લઇ શકતા ન હતા. આ અંગે ચેમ્બર દ્વારા ગુજરાતના ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા અને ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તાને રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે ગુજરાત સરકારે ઉપરોકત પ્રકારની પ્રવૃત્તિ કરનારા ટેકસટાઇલ એકમો પણ રાજ્ય સરકારની અન્ય પોલિસીનો લાભ લઇ શકે તેવું એમેડમેન્ટ કર્યું હતું. ચેમ્બરના સૂચનોનો ગુજરાત સરકારે સ્વીકાર કરી

પરીપત્ર બહાર પાડ્યું હતું. તદુપરાંત સપ્ટેમ્બર ૨૦૧૮ થી જાન્યુઆરી ૨૦૧૯ ના બ્લેકઆઉટ પીરિયડ દરમ્યાન પણ એમએસએમઇ ૨૦૧૫ ની પોલિસીનો લાભ અપાવવા માટે ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

- પોલિએસ્ટર સ્પર્ન યાર્ન ઉપર એન્ટી ડમ્પીંગ ડયુટી નહીં લાગે તે માટે ચેમ્બર દ્વારા રજૂઆતો તો કરવામાં આવી જ હતી પણ ફરી વખત ડીજીટીઆરમાં ચેમ્બર પાર્ટી બનીને હિંયરીંગમાં જોડાયું હતું અને વિજય પણ મેળવ્યો હતો. ચેમ્બરની લડતને પગલે અંતે પોલિએસ્ટર સ્પર્ન યાર્ન ઉપર એન્ટી ડમ્પીંગ ડયુટી લાગુ કરવામાં આવી ન હતી.

- ચેમ્બર દ્વારા સૌથી મોટી લડત કાપડ ઉપર નાણાં મંત્રાલય દ્વારા સૂચવવામાં આવેલા ૫ થી ૧૨ ટકાનો જીએસટી દર લાગુ નહીં કરવા માટે ચલાવવામાં આવી હતી. આ મામલે ચેમ્બર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને સીધી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ફિઆસ્વીના ચેરમેન ભરતભાઇ ગાંધીના સહકારથી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ફોગવા, ફોસ્ટા, ઇચ્છલ કરંજી, ભીવંડી, પંજાબ, લુધિયાના, દિલ્હી અને વારાણસી સહિત દેશભરના ટેકસટાઇલ સંગઠનોને એક પ્લેટફોર્મ ઉપર લાવવામાં આવ્યા હતા. ચેમ્બરના નેજા હેઠળ આ મામલે અસરકારક રજૂઆતોનો દૌર ચલાવવામાં આવ્યો હતો. જેને પગલે જીએસટી કાઉન્સીલની ઇમરજન્સી બેઠક મળી હતી અને કાપડ ઉપર નાણાં મંત્રાલય દ્વારા સૂચવવામાં આવેલા ૫ થી ૧૨ ટકાના જીએસટી દર અમલીકરણના નોટિફિકેશનને સ્થગિત કર્યું હતું.

- એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમમાં આવિષ્કારી ટેકનોલોજીની શોધ કરનારા સુરતના કેટલાક મહત્વના સ્ટાર્ટ–અપને ચેમ્બર દ્વારા હેન્ડ હોલ્ડીંગ કરવામાં આવ્યું હતું અને તેઓને જીપીસીબીમાંથી ટેકનીકલ એપ્રુવલ અપાવવા માટે મહત્વની ભૂમિકા અદા કરવામાં આવી હતી.

- પ્રથમ વખત નિર્યાત કરનારા કેટલાક નિર્યાતકારો પાસેથી બેંકો દ્વારા ફોરેન એકસચેન્જ કમિશનપેટે વધારાના ચાર્જિસ વસૂલવામાં આવ્યા હતા. ચેમ્બર દ્વારા આ મામલે મધ્યસ્થી કરીને સંબંધિત વિભાગોને રજૂઆત કરવામાં આવી હતી. સાથે જ બેંકો તરફથી ફોરેન એકસચેન્જ કમિશનપેટે વસૂલવામાં આવેલા વધારાના ચાર્જિસ નિર્યાતકારોને પરત અપાવવામાં આવ્યા હતા.

- ઇન્ડોનેશિયન પોર્ટ ઉપર ભારત આવતા ગુજરાતના કોલસાના કન્ટેનર અટકાવી દેવાના પ્રકરણમાં દેશભરમાંથી રજૂઆતો થઇ હતી, પરંતુ દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગોને પડી રહેલી કોલસાની તંગીને કારણે ચેમ્બર દ્વારા આ અંગે રજૂઆત કરવામાં આવી હતી અને ઇન્ડોનેશિયાના કોન્સુલ જનરલ સાથે વાત કરી પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઇન્ડોનેશિયન પોર્ટ પરથી કોલસાના કન્ટેનરને ડિસ્પેચ કરવામાં આવ્યા હતા અને આવી રીતે કોલસાની તંગીની સમસ્યા હલ થઇ હતી.

- સુરસેઝમાં ડેવલપર દ્વારા ઉદ્યોગકારો પાસેથી લીઝ રિન્યુઅલ પેટે વધારે ભાવ વસૂલવામાં આવતા હતા. આ અંગે ઉદ્યોગકારોએ ચેમ્બરને રજૂઆત કરતા ચેમ્બર દ્વારા આ મામલે ડેવલપર તથા સરકારી વિભાગો સાથે મિટીંગો કરીને સુરતના ઉદ્યોગકારોના માથેથી વધારાનો આશરે રૂપિયા ૪૦ કરોડનો બોજો દુર કરવામાં આવ્યો હતો.

- ચેમ્બરના ઈતિહાસમાં પ્રથમ વખત કોઇ ઇલેકટ્રીસિટી ટેરિફ પીટીશનનો સીધો વિરોધ કરવામાં આવ્યો હતો. ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૨૨–૨૦૨૩ માટે ટેરિફની મંજૂરી માટે દાખલ કરવામાં આવેલી ટેરિફ પિટિશન સામે ચેમ્બર અને સુરત સિટીઝન કાઉન્સીલ દ્વારા સંયુકત રીતે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. જેને કારણે સુરતના ગ્રાહકોના રૂપિયા ૩૧૧.૧૧ કરોડની બચત થઇ હતી. ટોરેન્ટ પાવરની એફપીપીપીએ દર યુનિટ દીઠ ૮૪ પૈસા વધારવા માટેની અરજી ગુજરાત એનર્જી રેગ્યુલેટરી કમિશને નકારી કાઢી હતી.

- જીપીસીબીના સાઇટીંગ ક્રાઇટેરીયાને કારણે ઘણા એકમો જીપીસીબીની એનઓસી મેળવી શકતા ન હતા. આ અંગે ચેમ્બરે ગુજરાતના રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી અને પર્યાવરણ મંત્રી જગદીશભાઇ વિશ્વકર્માને રૂબરૂ રજૂઆત કરી હતી. જેમાં અમુક પ્રકારની ઔદ્યોગિક પ્રવૃત્તિની પોલ્યુશન કેટેગરી બદલવા અંગે વાતચીત કરી હતી. સાઇટીંગ ક્રાઇટેરીયામાં ૫૦૦ મીટરની મર્યાદા બદલવા માટે પણ રજૂઆત કરાઇ હતી. આથી એકમોને વર્ષોથી સતાવી રહેલી સમસ્યાના નિરાકરણ માટે સાઇટીંગ ક્રાઇટેરીયામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. તા. ૫ જૂન, ૨૦૨૨ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા જીપીસીબીના નવા સાઇટીંગ ક્રાઇટેરીયાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમાં ચેમ્બરની તમામ માંગણીનો સમાવેશ કરાયો હતો. આવી રીતે ચેમ્બરે ૩૦૦૦ એકમોને એનઓસી મેળવવા સરળતા મળી રહે તે માટે મહત્વની ભૂમિકા અદા કરી હતી.

- ચાઇનાથી પીયુ લેધર આયાત થતું હોવાથી સ્થાનિક ઉદ્યોગને ફટકો પડતો હતો. આથી સ્થાનિક ઉદ્યોગને બચાવવા માટે ચેમ્બર ડીજીટીઆરમાં પાર્ટી બની હતી અને પીયુ લેધર ઉપર એન્ટી ડમ્પીગ ડયૂટી લગાવવા માટે ડીજીટીઆર પાસે ભલામણ કરાવી હતી. તદુપરાંત ચેમ્બર દ્વારા સમગ્ર બાબત નાણાં મંત્રાલયને સમજાવી કન્વીન્સ કરવામાં આવ્યા હતા. ચેમ્બરની રજૂઆતને અંતે નાણાં મંત્રાલય દ્વારા પીયુ લેધરના આયાત ઉપર એન્ટી ડમ્પીગ ડયૂટી લગાવવામાં આવી હતી. સ્થાનિક ઉદ્યોગને બચાવવા હેતુ કેન્દ્રીય ટેકસટાઇલ રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશે પ્રયાસ કર્યા હતા. આથી ચેમ્બરે તેમનો આભાર માન્યો હતો.

- એમએસએમઇની નવી પોલિસીમાં MSE-CDP સ્કીમને સરળ બનાવવા માટે ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બરે આ અંગે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય એમએસએમઇ મંત્રી નારાયણ રાણે અને એમએસએમઇ સેક્રેટરી બી.બી. સ્વેનને મળી રૂબરૂ રજૂઆત કરી હતી. જેને પગલે એમએસએમઇની નવી પોલિસીમાં ચેમ્બરના તમામ સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

- નાના ઉદ્યોગકારો કેપ્ટીવ યુઝ માટે વીજળી ખર્ચ ઘટાડી શકે એવી કોમન પોલિસી બનાવવા માટે ચેમ્બર દ્વારા એમએસએમઇ મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે રિન્યુએબલ એનર્જીની કોમન પોલિસીમાં એકસમાન ગ્રીન એનર્જી ઓપન એકસેસ રૂલ્સ બનાવવામાં આવ્યા હતા. જેમાં એમએસએમઇ મંત્રાલય દ્વારા ચેમ્બરના તમામ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

- ગુજરાત સરકારની ટેકસટાઇલ પોલિસી– ૨૦૧૯ માં પોલિસી લાગુ થયાના ત્રણ વર્ષ સુધી કલેઇમ મોડયુલ બન્યું ન હતું અને તે અંગેની ગાઇડલાઇન પણ બહાર પાડવામાં આવી ન હતી. જેને કારણે

ઔદ્યોગિક એકમો કલેઇમ મેળવી શકતા ન હતા. આ અંગે ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે ટેકસટાઇલ પોલિસી– ૨૦૧૯ માં કલેઇમ મોડયુલ બનાવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી હતી. જેનો લાભ સુરતના ઉદ્યોગકારો લઇ શકયા હતા.

- ચેમ્બર દ્વારા ઇતિહાસમાં પ્રથમ વખત યુએસએ ખાતે ગ્લોબલ ટેકસટાઇલ ટ્રેડ ફેર– ૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે એકઝીબીશનમાં ભાગ લેનારા સુરતના ઉદ્યોગકારોને વીઝા અપાવવા માટે મુંબઇ સ્થિત યુએસના કોન્સુલ જનરલનો સંપર્ક કર્યો હતો.

**એકઝીબીશન્સ**

ચેમ્બર માટે એકઝીબીશન્સ એ તેની આર્થિક કરોડરજ્જુનો ખૂબ મહત્વનો ભાગ છે, પરંતુ એકઝીબીશન્સને શહેર, રાજ્ય કે દેશ પૂરતું સીમિત ન રાખતા તેને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઇ જવાના નિર્ધારને આ વર્ષે અંજામ આપ્યો હતો. ચેમ્બરે ઇતિહાસમાં પ્રથમ વખત દુબઇ અને યુએસએ ખાતે એકઝીબીશન્સ કર્યા હતા. બંને એકઝીબીશન્સ સફળ રહયા, પરંતુ યુએસએ ખાતે યોજાયેલા એકઝીબીશન્સને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. આ એકઝીબીશન્સ થકી ઉદ્યોગકારો માટે વૈશ્વિક બજારના દ્વાર ખૂલી ગયા. સાથે જ તેઓ વિશ્વના વેપારીઓના સીધા સંપર્કમાં આવી શકયા.

**વિવનીટ– ૨૦૨૧**

ભારતભરમાં સૌપ્રથમ વખત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા સપ્ટેમ્બર– ૨૦૨૧ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'વિવનીટ એકઝીબીશન– ૨૦૨૧' યોજાયું હતું. આ એકઝીબીશનમાં ચીફ ગેસ્ટ તરીકે પધારેલા ભારત સરકારના ટેકસટાઈલ અને રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશના હસ્તે 'વિવનીટ એકઝીબીશન– ૨૦૨૧'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ટેકસટાઇલના સેક્રેટરી યુ.પી. સિંઘ (આઇ.એ.એસ.), ટેકસટાઇલ કમિશનર રૂપ રાશી (આઇ.એ. એન્ડ એ.એસ.), કોન્સ્યુલેટ જનરલ ઓફ રિપબ્લીક ઓફ ઇન્ડોનેશિયા – મુંબઇ ખાતેના કોન્સુલ જનરલ આગુસ પી. સાપ્તોનો, ગુજરાતના એમએસએમઇ કમિશનર રણજીથ કુમાર (આઇ.એ.એસ), ઇન્કમ ટેકસ સુરતના સીઆઇટી રીતેશ મિશ્રા અને ફિયાસ્વી તેમજ સાસ્કમાના ચેરમેન ભરત ગાંધીએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. આ સમારોહમાં ઇન્ડિયા બાંગ્લાદેશ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રેસિડેન્ટ અબ્દુલ અહમદ વિડિયો કોન્ફરન્સથી જોડાયા હતા.

ચેમ્બર દ્વારા પ્રથમ વખત જ યોજાયેલું વિવનીટ એકઝીબીશન સુરતને બ્રાન્ડ તરફ લઇ જનાર સાબિત થયું હતું. આ પ્રદર્શનથી વિવર્સ અને નીટર્સમાં ક્રાંતિની સાથે નવો જોમ અને ઉત્સાહ વધ્યો હતો તથા રૂપિયા ૧૦૦ કરોડથી વધુનો બિઝનેસ જનરેટ થવાની સંભાવના સેવાઇ હતી.

**યાર્ન એકસ્પો – ૨૦૨૧**

ચેમ્બર દ્વારા ડિસેમ્બર– ૨૦૨૧ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'યાર્ન એક્ષ્પો– ૨૦૨૧' યોજાયો હતો. ભારતના ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશના હસ્તે યાર્ન એક્ષ્પોનું ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ટેકસટાઇલ કમિશનર રૂપ રાશી

(આઇ.એ. એન્ડ એ.એસ.), સુરતના મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા અને સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન પરેશ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

**સીટેક્ષ એકસ્પો**

ચેમ્બર દ્વારા જાન્યુઆરી– ૨૦૨૨ દરમ્યાન 'સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેકસટાઇલ એક્ષ્પો– ૨૦૨૨'નું આયોજન કરવામાં આવ્યું હતું. કોવિડ– ૧૯ ગાઇડલાઇન્સના ચૂસ્તપણે પાલન સાથે પ્રદર્શનની શરૂઆત થઇ હતી. જેમાં માસ્ક તથા હેન્ડ સેનીટાઇઝરની વ્યવસ્થા ચેમ્બર દ્વારા કરી સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરાવવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે પ્રદર્શનમાં એકઝીબીશન સેન્ટરની ૧/૩ કેપેસિટી મુજબ જ બીટુબી બાયર્સને પ્રવેશ આપવામાં આવ્યો હતો. 'સીટેક્ષ એકઝીબીશન'માં એકઝીબીટર્સને સ્થળ પર જ રૂપિયા ૨૫૦ કરોડની મશીનરીઓનો ઓર્ડર મળ્યો હતો. સાથે જ આગામી છ મહિનામાં અદ્યતન ટેકસટાઇલ મશીનરીઓમાં રૂપિયા ૧૩૦૦ કરોડથી વધુના કેપીટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી હતી.

**સીટેક્ષ– સિઝન ૨**

ચેમ્બર દ્વારા યોજાયેલા સીટેક્ષને મળેલા જબરજસ્ત પ્રતિસાદને પગલે બે મહિનાની અંદર બીજી વખત સીટેક્ષ– સિઝન ૨ એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ચ– ૨૦૨૨ દરમ્યાન યોજાયેલા 'સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેકસટાઇલ એક્ષ્પો– ૨૦૨૨ (સિઝન ૨)' એકઝીબીશન માટે ચેમ્બરને સુરત ટેકસમેક ફેડરેશનનો સહકાર પ્રાપ્ત થયો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે પધારનાર સુરત શહેરના પોલીસ કમિશનર અજય કુમાર તોમરના હસ્તે એકઝીબીશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે સુરતના મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની, ચીફ કમિશનર ઓફ ઇન્કમ ટેકસ કવિતા ભટનાગર, કસ્ટમ્સ એન્ડ સીજીએસટીના પ્રિન્સીપલ કમિશનર ડો. ડી.કે. શ્રીનિવાસ તથા ટેકસટાઇલ્સ મંત્રાલય– મુંબઇ ખાતેથી ટેકસટાઇલ્સ કમિશનર ઓફિસના ડેપ્યુટી ડાયરેકટર જનરલ ઉષા પોલ અને ટેકસટાઇલ કમિશનર એસ.પી. વર્મા તથા સુરતના જોઇન્ટ ચેરીટી કમિશનર આર.ટી. પંડયા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના સીટેક્ષ– ૨૦૨૨ (સિઝન ૨) એકસ્પો થકી વર્ષ દરમ્યાન અદ્યતન ટેકસટાઇલ મશીનરીઓમાં વધારાના રૂપિયા ૧૫૦૦ કરોડથી વધુના કેપીટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી હતી.

**ઉદ્યોગ**

ચેમ્બર દ્વારા એપ્રિલ– ૨૦૨૨ માં ચાર દિવસીય 'ઉદ્યોગ– ૨૦૨૨' પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી (રાજ્ય કક્ષા)ના મંત્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ) અને સંસદ સભ્ય તેમજ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ (રાજ્ય કક્ષા)ના મંત્રી મુકેશ ઝેડ. પટેલ, ધારાસભ્ય સંગિતા પાટીલ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ હેમંત શાહ, અમદાવાદની કોરિયા ટ્રેડ – ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સીના ડાયરેકટર જનરલ સેંગકી લી અને એનપીસીઆઈએલના કેએપીએસ– ૧ એન્ડ ૨ ના સ્ટેશન ડાયરેકટર એ.બી. દેશમુખ ઉપસ્થિત રહયા હતા. યુએસએ (વેસ્ટર્ન ઇન્ડિયા)ના કોમર્સ વિભાગના કોમર્શિયલ ઓફિસર હરોલ્ડ (લી) બ્રેયમેન ઓનલાઇન જોડાયા હતા.

'ઉદ્યોગ' પ્રદર્શનમાં દેશના વિવિધ ખૂણેથી ૧૫ હજારથી વધુ બાયર્સે મુલાકાત લેતા એક્ઝીબીટર્સને સારી ઇન્કવાયરી જનરેટ થઇ હતી. ખાસ કરીને રિન્યુએબલ એનર્જી સેગમેન્ટમાં ઘણી સારી ઇન્કવાયરી જનરેટ થઇ હતી અને સ્ટાર્ટ–અપ્સને ખૂબ જ સારું પ્રોત્સાહન મળ્યું હતું.

**દુબઇ ખાતે 'ઇન્ડિયન ટેકસટાઇલ એકસ્પો'**

ચેમ્બર તથા ફન ફ્રીડમ ઇવેન્ટ કંપનીના સંયુકત ઉપક્રમે દુબઇ ખાતે તા. ૧૧ થી ૧૩ માર્ચ, ૨૦૨૨ દરમ્યાન ' ઇન્ડિયન ટેકસટાઇલ એકસ્પો' યોજાયો હતો. આ એકસ્પોને દુબઇમાં ખૂબ જ જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. દુબઇમાં એજન્સી દ્વારા જે હોલસેલર અને ઇમ્પોર્ટરને તેઓનું ફેબ્રિક સપ્લાય થતું હતું એવા વેપારીઓ સાથે અહીં સીધો સંપર્ક થયો હતો. આ ઉપરાંત દુબઇ ખાતે હોલસેલમાં બિઝનેસ કરનારા દુબઇ ફરતેના ૨૫ થી ૩૦ જેટલા દેશોમાં માલ એકસપોર્ટ કરે છે. આથી ગ્લોબલ માર્કેટમાં પોતાની પ્રોડકટને વેચાણ કરવા માટેની વિશાળ તક અહીં મળી હતી. અહીં કોમ્પીટીટર ખૂબ જ ઓછા હોવાથી તેઓને ડાયરેકટ ગ્રાહક પાસે વધારે માર્જીનમાં બિઝનેસ મળ્યો હતો.

**યુએસએ ખાતે 'ગ્લોબલ ટેકસટાઇલ ટ્રેડ ફેર એકઝીબીશન'**

ચેમ્બર દ્વારા અમેરિકાના એટલાન્ટા શહેરમાં GAS SOUTH CONVENTION CENTER ખાતે તા. ૯ થી ૧૧ જૂન ૨૦૨૨ દરમ્યાન ત્રણ દિવસ માટે 'ગ્લોબલ ટેકસટાઇલ ટ્રેડ ફેર' એકઝીબીશનનો ઐતિહાસિક શુભારંભ કર્યો હતો. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા જ્યોર્જિયા ગવર્નર ઓફિસમાંથી પધારેલા ફિલ્ડ રિપ્રેઝેન્ટેટીવ સેબાસ્ટીયન બેરોના હસ્તે ઉદ્‌ઘાટન કરી પ્રદર્શનને ખૂલ્લું મુકાયું હતું. આ સમારોહમાં એટલાન્ટા સ્થિત ભારતીય કોન્સુલ જનરલ ડો. સ્વાતિબેન કુલકર્ણી, એટલાન્ટા સ્થિત ભારતીય કોન્સ્યુલેટ મદન કુમાર, જીટીટીએફ ઇન્ટરનેશનલ કમિટીના ચેરમેન બોબીભાઇ પટેલ, હોલીડે ઇનના ઓનર અને ડાયરેકટર પોલભાઇ પટેલ, ઓકટેવિયા એકસપોઝીયમ એલએલપીના સીઇઓ સંદીપ પટેલ, યુએસએના ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સના જોઇન્ટ ડાયરેકટર સુશ્મીતા દાસ, યુએસએના એટલાન્ટા સ્થિત ઇન્ડિયન કોન્સ્યુલેટ સાથેના પાસપોર્ટ ઓફિસર દેવેન્દર સિંઘ, યુએસએના ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન્સના પ્રેસિડેન્ટ વાસુભાઇ પટેલ, ડાયરેકટર રિસોર્સ ગૃપના સીઇઓ ડેવિડ ગોલ્ટ, એટલાન્ટા સિટી ઓફ પીસના ફાઉન્ડર પ્રેસિડેન્ટ એન્ડ સીઇઓ જોહન નોગલે વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. એકઝીબીશનના ભાગરૂપે યુએસએના ન્યુ જર્સી ખાતે બીટુસી ટેબલ ટોપ બાયર – સેલર મીટ યોજાઇ હતી. જેનું ઉદ્‌ઘાટન ન્યુ જર્સીના મેયર સેમ જોશીના હસ્તે કરવામાં આવ્યું હતું. તદુપરાંત કેલિફોર્નિયાના લોસ એન્જલસ ખાતે યોજાયેલી બીટુસી ટેબલ ટોપ બાયર – સેલર મીટના ઉદઘાટન સમારોહ પ્રસંગે સ્થાનિક ઉદ્યોગકારો શ્રી મેહુલભાઈ આહીર, શ્રી નરેશભાઈ સોલંકી, શ્રી ભગવાનભાઈ, શ્રી રજનીભાઇ કાકડીયા, શ્રી નટવરભાઈ ઠક્કર, સુશ્રી સુહાનીબેન પટેલ અને સુશ્રી શીતલબેન દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

**વિવિધ કોર્સિસ**

ઉદ્યોગ સાહસિકોને પાવર લૂમ્સથી લઇને પ્રોસેસિંગ યુનિટ સુધીની સમગ્ર વેલ્યુ એડીશન ચેઇનના ગ્રાઉન્ડ લેવલનું જ્ઞાન મળી રહે તે હેતુથી ચેમ્બર દ્વારા 'ફેબ્રિક આઇડેન્ટીફિકેશન', 'કન્વેન્શનલ વિવિંગ', 'ટેક્ષ્ટાઇલ ફાયબર્સ એન્ડ યાર્ન', 'ડોબી એન્ડ જેકાર્ડ ડિઝાઇનીગ', 'ટેક્ષ્ટાઇલ યાર્ન' 'રેપિયર વિવિંગ', 'ટેક્ષ્ટાઇલ એટ અ ગ્લાન્સ', 'ફેબ્રિક એનાલિસિસ', 'કમ્પ્લીટ આંત્રપ્રિન્યોર', 'મોડર્ન યાર્ન પ્રિપરેટરી', 'ફેબ્રિક પ્રોસેસિંગ', '

લેબર લોઝ', 'કોમ્પ્યુટરાઇઝ્ડ એકાઉન્ટીંગ' અને 'ડિજીટલ માર્કેટીંગ' સર્ટિફિકેટ કોર્સિસ શરૂ કરવામાં આવ્યા હતા. એજ્યુકેશન પ્રોગ્રામના હેડ શ્રી અમરિષભાઇ ભટ્ટના માર્ગદર્શન હેઠળ આ કોર્સિસ થકી સેંકડો વિદ્યાર્થીઓ તેમજ ઉદ્યોગ સાહસિકોએ ઇન્ડસ્ટ્રી નોલેજ મેળવ્યું હતું.

આ ઉપરાંત રાજ્ય સરકારના ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મીશન (જીએસડીએમ) અંતર્ગત ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલા સંકલ્પ પ્રોજેક્ટ હેઠળ ચેમ્બર દ્વારા ટેક્ષ્ટાઇલ સેકટરમાં એપરલનું ટ્રેનીંગ સેન્ટર સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા ખાતે શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાં એપરલ ક્ષેત્ર માટે આસિસ્ટન્ટ ડિઝાઇનર, એક્સપોર્ટ આસિસ્ટન્ટ અને ઇન – લાઇન ચેકર કોર્ષ તથા ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે ટેક્ષ્ટાઇલ ડિઝાઇનર, ફેબ્રિક ચેકર અને પેકીંગ ચેકર કોર્ષ ભણાવવામાં આવી રહયા છે. આ ઉપરાંત ડિજીટલ માર્કેટીંગ અને અત્યાધુનિક એકાઉન્ટ સંબંધિત વોકેશનલ ટ્રેનીંગના ભાગરૂપે કોસિર્સ શરૂ કરવામાં આવ્યા હતા.